# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/303 Dt. 21/01/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ઉદ્યોગોની કબજા રસીદવાળી મિલ્કતોને રેગ્યુલરાઇઝ કરાવવા ચેમ્બરની ગાંધીનગર ખાતે રાજ્ય સરકારને રજૂઆત

## ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી સહિતના પ્રતિનિધિ મંડળે ગાંધીનગર ખાતે ગુજરાતના નાણાં અને શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઇ દેસાઇને રૂબરૂ મળીને રજૂઆત કરી

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીના માર્ગદર્શનમાં માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ગૃપ ચેરમેન શ્રી નિતિન ભરૂચા અને ડેપ્યુટી સેક્રેટરી શ્રી પૌલિક દેસાઇ સહિતના પ્રતિનિધિ મંડળે મંગળવાર, તા. ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ગાંધીનગર ખાતે રાજ્યના નાણાં અને શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઇ દેસાઇને રૂબરૂ મળીને સુરત સહિત સમગ્ર રાજ્યમાં ઉદ્યોગોની કબજા રસીદવાળી મિલ્કતોને રેગ્યુલરાઇઝ કરાવવા રજૂઆત કરી હતી.

ગુજરાત રાજ્યમાં ખાસ કરીને સુરત સહિત દક્ષિણ ગુજરાત તેમજ રાજ્યના અન્ય ઔદ્યોગિક વિસ્તારોમાં ઘણા ઉદ્યોગકારો દ્વારા વર્ષોથી ઉદ્યોગો ચલાવવામાં આવી રહ્યા છે. આમાંથી અનેક ઉદ્યોગોની જમીન તથા મિલ્કતો કબજા રસીદ (Possession Receipt)ના આધારે ઉપયોગમાં લેવામાં આવી રહી છે. આવી મિલ્કતો પર ઉદ્યોગકારોએ મોટા પ્રમાણમાં મૂડી રોકાણ કરી ફેકટરીઓ, વર્કશોપ્સ, ગોડાઉન્સ તથા અન્ય ઔદ્યોગિક માળખું ઊભું કર્યું છે. વર્ષોથી આ ઉદ્યોગો કાર્યરત હોવા છતાં, કબજા રસીદ આધારિત મિલ્કતોના કારણે ઉદ્યોગકારોને અનેક વ્યવહારિક અને કાનૂની મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, ઉદ્યોગોની કબજા રસીદવાળી મિલ્કતો રેગ્યુલરાઇઝ ન હોવાથી ઉદ્યોગકારોને બેંકો તથા નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન, વર્કિંગ કેપિટલ અથવા વિસ્તરણ માટેની નાણાકીય સહાય મેળવવામાં મુશ્કેલી ઉભી થાય છે. ઉપરાંત, મિલ્કતના દસ્તાવેજો પૂર્ણ ન હોવાના કારણે ટ્રાન્સફર, વારસાઈ, રી–ડેવલપમેન્ટ તથા સરકારની વિવિધ યોજનાઓનો લાભ મેળવવામાં પણ તેઓને મુશ્કેલીઓ ઊભી થાય છે.

સુરત જેવા ઔદ્યોગિક શહેરોમાં ટેક્ષ્ટાઇલ, ડાયમંડ, એન્જિનિયરિંગ, કેમિકલ, ફૂડ પ્રોસેસિંગ સહિતના ક્ષેત્રોમાં આવા અનેક ઉદ્યોગો કાર્યરત છે, જે રાજ્યની અર્થવ્યવસ્થા, રોજગાર સર્જન અને નિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. ઉદ્યોગોની કબજા રસીદવાળી મિલ્કતોને નિયમિત કરવાની નીતિ અમલમાં આવશે તો ઉદ્યોગકારોને કાયદેસર સુરક્ષા મળશે, નવા રોકાણોને પ્રોત્સાહન મળશે અને રાજ્યના ઔદ્યોગિક વિકાસને વધુ વેગ મળશે.

આથી, ચેમ્બર દ્વારા નાણાં અને શહેરી વિકાસ મંત્રીને વિનંતી કરવામાં આવી હતી કે, સુરત સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં ઉદ્યોગોની કબજા રસીદ આધારિત જમીન અને મિલ્કતોને નક્કી કરેલ નિયમો, ફી અને શરતોના આધારે એક વખતની નીતિ (One–Time Regularisation Policy) હેઠળ રેગ્યુલરાઇઝ કરવાની વ્યવસ્થા અમલમાં મૂકવા માટે યોગ્ય નિર્ણય લેવામાં આવે.

ગુજરાતના નાણાં અને શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઇ દેસાઇએ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરવામાં આવેલી રજૂઆતને ખૂબ જ શાંતિપૂર્વક સાંભળી હતી અને રાજ્ય સરકાર દ્વારા આ મામલે ગંભીરતાથી વિચારીને યોગ્ય નિર્ણય લેવામાં આવશે તેમ જણાવ્યું હતું. આખા રાજ્યમાં ઉદ્યોગકારોની આ મુશ્કેલીને દુર કરવા માટે રાજ્ય સરકાર નવી યોજના લાવવાની દિશામાં આગળ વધી રહી છે તેમ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.